પ્રાંતિજના સાંપડ ખાતે ફલાવરના તૈયાર થયેલ

ધરૂ વાડીયામા કોઇ અજાણ્યા ઇસમો દવા છાંટી જતા લાખ્ખો રૂપિયાનો ધરૂ બળી ગયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાંપડ ખાતે ચાર ખેડૂતોના ખેતરોમાં તૈયાર થયેલ ફલાવરના ધરૂ વાડીયાઓમા કોઇ અજાણ્યા ઈસમો દવા છાંટી જતાં તૈયાર થયેલ લાખ્ખો રૂપિયાનો ફલાવરનો ધરૂ બળીને સ્વાહા થઇ ગયો, ખેડૂતોએ પોલીસના દ્વાર ખખડાવ્યા.

પ્રાંતિજના સાંપડ ખાતે ફલાવર પકવતા ખેડૂતોના ખેતરો તૈયાર કરેલ ફલાવરના ધરૂ વાડીયાઓમા કોઇ અજાણ્યા ઇસમો દ્વારા રાત્રીના સમયે ચાર ખેડૂતોના ખેતરોમાં જઈ ફલાવરના ધરૂમાં ચીલની દવા છાંટી જતા હાલ તો ચારેય ખેડૂતોનો તૈયાર થયેલ ફલાવરનો ધરૂ બળી જતાં ખેડૂતોને લાખ્ખો રૂપિયાનુ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. ત્યારે હાલ તો ખેડૂતોએ પહેલા ધરૂ તૈયાર કર્યો તો વરસાદ પડવાને લઈને બગડી ગયો અને ફરી તૈયાર કર્યો ત્યારે માનવ સજીત કૃત્યને લઈને હાલ તો ખેડૂતોને પડયા ઉપર પાટું જેવી સ્થિતિ પેદા થઈ છે. ત્યારે સાંપડ ખાતે રહેતા ચારેય ખેડૂત ચિરાગભાઈ ધુળાભાઈ પટેલના ૧૦ વિગાના ધરૂ વાડીયાઓ તૈયાર થયેલ ફલાવરના ધરૂમાં તથા અડધો વિગો ફલાવરના તૈયાર પ્લોટમાં દવાનો છટંકાવ કરવામાં આવતા તેવોને અંદાજે દોડ લાખથી પણ વધારે નુકસાન થયું છે તો અલ્પેશભાઈ રમણભાઈ પટેલના ખેતરોમાં પણ ચાર વિગાના તૈયાર થયેલ ફલાવરના ધરૂમાં દવાનો છટંકાવ થતા તેવોને પણ અંદાજે ચાલીસ હજારથી પણ વધારે નુકસાન થયું છે. શૈલેષભાઈ સોમાભાઈ પટેલના ત્રણ વિગાના ધરૂ વડીયામાં પણ ચીલની દવાનો છટંકાવ કરવામાં આવતા તેવોને પણ અંદાજે ત્રીસ હજારથી પણ વધારે નુકસાન થયું છે જયારે વિષ્ણુભાઈ નાથાભાઈ પટેલના ખેતરોમાં પણ કરવામાં આવેલ ફલાવરના ચાર વિગા ધરૂ વાડીયામાં દવા છાંટવામાં આવતા ચાલીસ હજારથી પણ વધારે નુકસાન થયું છે ત્યારે હાલ તો ચીલની દવાનું ચારેય ખેડૂતોના ધરૂ વાડીયાઓમા છટંકાવ કરવામાં આવતાં તૈયાર થયેલ ચારેય ખેડૂતોનો ફલાવરનો ધરૂ બળીને મુંઝાઇ જતાં કુલ બે લાખથી પણ વધારે નુકસાન થયું છે. ત્યારે સાંપડ ખાતે રહેતા ચારેય ખેડૂતો દ્વારા આ કુત્ય કરનાર અજાણ્યા ઈસમો સામે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં રજુઆત કરવામાં આવી છે ત્યારે પ્રાંતિજ પોલીસ દ્વારા અજાણ્યા ઇસમો સામે ગુનોનોધી આગળની તપાસ કરવામાં આવે તેવી માંગ પણ ખેડૂતો કરી રહ્યા છે ત્યારે હાલ તો તૈયાર થયેલ ધરૂ બળી જતાં ખેડૂતોને લાખ્ખો રૂપિયાનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

વડગામ તાલુકા સહકારી સંઘની ૧૩ બેઠક બિનહરીફ

બનાસકાંઠા જિલ્લાની પૂર્વે આવેલા વડગામ તાલુકામાં એશિયાની નંબર વન બનાસ ડેરીની ચૂંટણીના ઘમાસાણ વચ્ચે ધી વડગામ તાલુકા ખરીદ - વેચાણ સંઘના ૧૬ ડિરેક્ટરોની યોજાનાર ચૂંટણીમાં સહકારી અગ્રણી કે. પી. ચૌધરીની વર્તમાન ચેરમેન પેનલના ૧૩ ડિરેક્ટરો બિનહરીફ થયા છે. તેથી હવે માત્ર ૩ બેઠકની ચૂંટણી આગામી ૯ મી ઓક્ટોબરે યોજાશે.

વડગામ તાલુકાની અગ્રણી સહકારી સંસ્થા તાલુકા સહકારી ખરીદ -વેચાણ સંઘના સંચાલક મંડળની મુદત પૂરી થતાં ૧૬ ડિરેક્ટરોની ચુંટણી યોજવા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું, જેને લઈ તાલુકાભરમાં રાજકીય ગરમાવો છવાયો હતો. જો કે તાલુકાના ખેડૂતોના હિતમાં સહકારી આગેવાનોએ ચૂંટણી બિનહરીફ કરાવવા નિષ્ઠાભર્યા પ્રયાસો હાથ ધર્યા હતા. જે પ્રયાસો ફળદાયી નિવડતા ગતરોજ ફોર્મ પરત ખેંચવાની અંતિમ મુદત બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયું હતું. જેમાં અપેક્ષા મુજબ સહકારી અગ્રણી કે. પી. ચૌધરી/વર્તમાન ચેરમેન સરદારભાઈ ધુળિયાની પેનલના ૧૩ ડિરેક્ટર બિનહરિફ થયા હતા. જેથી તાલુકા સંઘમાં પુનરાવર્તનનો પવન ફૂંકાતા હવે માત્ર ત્રણ બેઠકો માટે છ.

ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં રહ્યા છે. તેથી આગામી ૯ મી ઓક્ટોબરે ૩ બેઠકોની મતદાન પ્રક્રિયા બાદ મત ગણતરી પણ યોજાશે. તેમ ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું. જો કે આ ત્રણેય બેઠકો ઉપર પણ કે. પી. ચૌધરીની વર્તમાન ચેરમેન પેનલના ડિરેક્ટરો મેદાન મારી જશે તેવું આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું.

૩ બેઠક માટે ૬ ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ

ઝોન નંબર-૯ સામાન્ય વિભાગ ઉમેદવાર
(૧) જેગોડા રમેશભાઈ લાલજીભાઈ (મેમદપુર)
(૨) ચૌધરી (બેરા) રાંમજીભાઈ વાલજીભાઈ (ચિત્રોડા)

ઝોન નંબર-૬ સામાન્ય વિભાગ ઉમેદવાર
(૧) વળાગાંઠ રમેશભાઈ ધનરાજભાઈ (પરખડી)
(૨) ધુળિયા દલસંગભાઈ સરદારભાઈ (વડગામ)

ઝોન-૧૨ નાના અને સિમાંન્ત ખેડૂત વિભાગ ઉમેદવાર
(૧) પટેલ વિજયભાઈ રતુભાઈ (નળાસર)
(૨) રૂપાવટ ભીખાભાઈ હાથીભાઈ

પ્રાંતિજના પાડાની પોળમાં અસામાજિક તત્વો દ્વારા કારમાં આગચંપી

પડોશી જાગી જતા બુમાબુમ કરતાં લોકો જાગી ગયા : દોડી આવેલ લોકોએ કારમાં લાગેલ આગ હોલવી

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પાડાની પોળ વિસ્તારમાં રાત્રીના સમયે ઘર આગળ પાર્ક કરેલ કારમાં કોઇ અસામાજિક તત્વો દ્વારા કારમાં આગ લગાડવામાં આવી હતી. આજ કારમાં બીજી વખત આગ લગાડવામાં આવી છે આગમાં આગળનો ભાગ બળીને ભડથુ થઇ ગયો હતો.

પ્રાંતિજના પાડાની પોળમાં રાત્રીના બે વાગ્યાની આસપાસ કોઇ અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા પાડાની પોળ ઘર આગળ આવેલ રોડ ઉપર પાર્ક કરેલ કારમાં આગળના ભાગેથી આગ ચાંપતા કારનો આગળનો ભાગ જોત જોતામાં બળીને સ્વાહા થઇ ગયો હતો. તે સમય દરમ્યાન અચાનક પોળમાં રહેતાં એક યુવાન જાગી જતા બુમાબુમ કરી મુકતા કાર માલિક રાઠોડ કિરણભાઇ પ્રકાશભાઇ સહિત પોળમાં રહેતા રહીશો તથા આજુબાજુમાં રહેતા લોકો દોડી આવ્યા હતા અને કારમાં લાગેલ આગ હોલવી હતી.

કારમાં સીએનજી કીટ પણ ફીટ કરેલ હતી અને આગ પાછળ સુધી પહોચી હોત તો રાત્રીના સમય દરમ્યાન મોટી દુર્ઘટના બની હોત. આ અંગેની જાણ કારમાલિક દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરી હતી. આજ વિસ્તારમાં કારને નિશાન બનાવવામાં આવતી હોવાની આ ત્રીજી ઘટના છે જેમાં અગાઉ એક કારને ફુટપટ્ટી નાખી ખોલવાનો પ્રયત્ન કર્યો હતો. રાજુભાઇ સોનીની કાર તો વગર ચાવીએ ખોલી લઇ જઇ ભોઇવાસ પાસે આવેલ કેનાલમા નાખી દેવામાં આવી હતી અને કારને નુકશાન કયું હતું. આ કારને પણ અગાઉ ૨૬-૧૨-૨૦૧૯મા રાત્રી દરમ્યાન જ કારને પાછળના ભાગેથી આગચંપી કરવામાં આવી હતી, ત્યારે હાલ તો કારમાં અવારનવાર આગચંપીને લઈને કાર માલિક સહિત આજુબાજુમાં રહેતા રહીશોમાં ભયનો માહોલ પેદા થયો છે ત્યારે રાત્રી દરમ્યાન પોલીસ દ્વારા પેટ્રોલિગ કરવામાં આવે તેવી પોળના રહીશો દ્વારા માંગ ઉઠવા પામી છે અને આવા અસામાજિક તત્ત્વો સામે તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવામાં આવે તેવી કાર માલિક સહિત પોળના લોકો જણાવી રહ્યાં છે.

જુનાડીસામાં રેતી ભરીને દોડતા ટર્બો-ટ્રકચાલકોનો તરખાટ

ગામના મુખ્ય રોડની દુર્દશા : સરકારી નિયમોનું ઉલ્લંઘન

જુનાડીસા, તા. ૩૦

ડીસા તાલુકાના જુનાડીસા ગામના વાસણા સહિતના રોડ ઉપર ઓવરલોડ રેતી ભરીને છેક રાજસ્થાન સુધી બેફામ ઝડપે દોડતા ટર્બો ટ્રકોના કારણે ગામલોકો ભારે હાડમારીઓ વેઠી રહ્યાં છે. ટર્બો ટ્રકોની સતત દોડધામથી મુખ્ય રોડ જર્જરિત બની ગયો છે. છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરાતી ન હોવાની બૂમરાડો ઉઠવા પામી છે.

જુનાડીસા ગામને અડીને આવેલ બનાસ નદીનું વહેણ સુકાઈ ગયું છે પણ તેની કિંમતી રેતીની રાત દિવસ ખુલ્લેઆમ તસ્કરી થઈ રહી છે. રેત માફિયાઓ સરકારના નીતિનિયમો નેવે મૂકી જેસીબી-હીટાચી જેવી ભારે મશીનરીથી રેતી ઉલેચે છે. તેથી નદીનો વીશાળ પટ ઊંડી કોતરો અને ખીણોમાં ફેરવાઈ ગયો છે જ્યાંથી ઓવરલોડ રેતી ભરીને ટર્બો ટ્રકો આવરણ ઢાંકયા વગર પુરઝડપે છેક રાજસ્થાન સુધી દોડી રહી છે જેના કારણે પાકો વાસણા રોડ જર્જરિત અને ખખડધજ બની ગયો છે. જેથી રાહદારીઓ અને અન્ય વાહન ચાલકોને રોડ ઉપરથી નીકળવું પણ દુષ્કર બની જાય છે. પુરઝડપે દોડતા ટર્બો ટ્રકોના કારણે ગમખ્વાર માર્ગ અકસ્માતો પણ બનેલા છે તેમ છતાં સાંજ અને રાતના સુમારે પણ આ ટર્બો ટ્રકો બેફિકર દોડી રહી છે. આ બાબતે રોષ ઠાલવતા પૂર્વ ડેલીગેટ પરબતભાઈ રાઠોડે જણાવ્યું હતું કે રેતી ભરીને વાહનો બિનઅનીધિકૃત રીતે સરકારી જમીનમાંથી જાહેર માર્ગ ઉપર બેફામ દોડે છે એકબાજુ કુદરતી સંપદા વેડફાય છે અને બીજી બાજુ સરકારને પણ રોયલ્ટીની રકમ ગુમાવવી પડે છે જેને ગંભીરતાથી લઈ ખાણ અને ખનીજ વિભાગ તેમને કાયદાનું ભાન કરાવે તેવી માંગ પણ કરી હતી. રેત તસ્કરીને ગંભીરતાથી લઈ ખાણ અને ખનીજ વિભાગ દ્વારા વાસણા રોડ ઉપર આકસ્મિક દરોડો પડાય તેવો જનમત પ્રવર્તે છે.

વડગામ તાલુકા પંચાયતની કારોબારી સમિતીની રચનાને પગલે ભારે ગરમાવો

ગુરૂવારના બપોરના બાર વાગે કારોબારી સમિતીની રચનાને લઈને બેઠક યોજાશે

વડગામ, તા. ૩૦

કોંગ્રેસનો ગઢ ગણાતી વડગામ તાલુકા પંચાયતમાં કોંગ્રેસના જ ૩ સદસ્યો અને એક અપક્ષના સહારે વડગામ ભાજપે તાલુકા પંચાયતમાં ૨૦ વર્ષના વનવાસ બાદ તાલુકા પંચાયત ઉપર કબ્જો મેળવ્યો હતો.

જેની કારોબારી સમિતીની રચના માટે ગુરૂવારના વડગામ તાલુકા પંચાયતના હોલ ખાતે સદસ્યોની બેઠક યોજાશે જેમાં ભાજપના ૯ સદસ્યોની કારોબારી સમિતી માટે રચના કરાશે જ્યારે ૫ સદસ્યોની ન્યાય સમિતિના ચેરમેન માટેની રચના કરાશે જેને લઈને તાલુકા પંચાયતના સદસ્યોમાં ભારે દોડધામ

મચી છે. કારોબારીના સદસ્યોની રચના બાદ વડગામ તાલુકા પંચાયતના અધ્યક્ષની વરણી કરવામાં આવશે તેવુ વડગામ તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી મફાજી રાજપૂતે જણાવ્યું હતું. હાલમા તાલુકા પંચાયતમાં કારોબારીની રચનાને લઈને ભારે હલચલ મચી છે. ભાજપના અધ્યક્ષપદના દાવેદારો દ્વારા કોઈપણ ભોગે અધ્યક્ષ બનવા માટેની હાલથી જ તૈયારીઓ આરંભી દીધી છે.

સામાજીક ન્યાય સમિતિના ચેરમેન માટે પણ આવી જ સ્થિતિ પેદા થવા પામી છે. વડગામ ભાજપના આગેવાનો દ્વારા તાલુકા પંચાયતમાં ભાજપને સત્તા મેળવવા કોંગ્રેસમાંથી ચુંટાયેલા ૩ સદસ્યોને હોદ્દા આપવા માટે કમીટમેન્ટ થયું હતું. જેને લઈને કોંગ્રેસના સદસ્યો કોંગ્રેસને રામરામ કરીને કોંગ્રેસમાંથી બળવો કરીને ભાજપ સાથે મળી જતા ભાજપે તાલુકા ઉપર કબ્જો મેળવ્યો હતો. હવે ભાજપના આગેવાનો દ્વારા તાલુકા પંચાયતમાં અધ્યક્ષપદે કોને બેસાડાય છે તે તો કારોબારીની રચના બાદ જ ખબર પડશે, પણ હાલ તો કેટલાક ભાજપના સદસ્ય પણ અધ્યક્ષ બનવા માટે મથામણ કરી રહ્યા હોવાની ચર્ચાઓ લોકોમાં થઈ રહી છે. કારોબારીમા પણ કોનો સમાવેશ કરાય છે તે જોવા રહ્યુ.

કોંગ્રેસમાંથી ચુંટાયેલા ૩ સદસ્યોને પક્ષમાં સસ્પેન્ડ કરવા માટેની કાર્યવાહી કરાઈ હોવાનું બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિનેશભાઈ ગઢવીએ જણાવ્યું હતું.

બાયડનો લાખેશ્વર વિસ્તાર દેશી દારૂનો હબ સ્ટેશન

ભારે માત્રામાં દેશી દારૂને લઇ અનેક ઘરો બરબાદ થયા : દેશી દારૂના અડ્ડા પર પોલીસ ત્રાટકી

બાયડ, તા. ૩૦

બાયડનો લાખેશ્વરી વિસ્તાર દેશી દારૂનો હબ સ્ટેશન ગણાય છે. લાખેશ્વરી વિસ્તારમાં દેશી દારૂના અડ્ડાઓ ભારે માત્રામાં ધમધમી રહ્યા છે, અડ્ડા ચલાવનારને જાણે પોલીસનો ડરજ ના હોય તેમ ખુલ્લેઆમ અડ્ડા ચલાવી રહ્યા છે. લાખેશ્વરી વિસ્તારમાં રાત્રી દરમિયાન દેશી દારૂ લેવા માટે લોકોની પડાપડી જોવા મળે છે. બુટલેગરો ખુલ્લેઆમ દેશી દારૂ વહેંચવાને લઈ યુવાધન બરબાદ થઈ રહ્યો છે. બાયડ પોલીસે ગઈકાલ રાત્રીના સુમારે કંકુબેન ગંગારામ સલાટના ઘરે રેડ કરી સંતાડેલ દેશી દારૂ ઝડપી પાડયો હતો. પોલીસ હજુ પણ કડક તપાસ કરે તો લાખેશ્વરી વિસ્તારમાંથી વધુ માત્રામાં દેશી દારૂ મળી શકે છે. પોલીસે કકુબેન ગંગારામ સલાટ વિરોધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

મોડાસા નજીક હીટ એન્ડ રનની ઘટના

સાકરીયા નજીક પસાર થતા હાઈવે પર ૬૫ વર્ષીય વૃદ્ધને અજાણ્યા વાહને અડફેટે લેતા ઘટનાસ્થળે મોત

મોડાસા, તા. ૩૦

મોડાસા ગોધરા હાઈ-વે સાકરીયા ગામને અડીને આવેલો હોવાથી હાઈવે પરથી પસાર થતા વાહનચાલકો પુરપાટ ઝડપે પસાર થતા હોવાથી છાસવારે અકસ્માતની ઘટનાઓ બને છે જેમાં સાકરીયા સહીત આજુબાજુના પેટા પરાના અનેક નિર્દોષ રાહદારીઓ અને વાહનચાલકોએ જીવ ગુમાવી ચુક્યા છે. ત્યારે વધુ એક હીટ એન્ડ રનની ઘટનામાં ગામના ૬૫ વર્ષીય વૃદ્ધને અજાણ્યા વાહને અડફેટે લેતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજતા પરિવારજનો દોડી આવી આક્રંદ કરી મૂક્યું હતું. અકસ્માતની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અકસ્માતની ઘટનાને પગલે મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે

મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સાકરીયા બસસ્ટેન્ડ નજીક પસાર થતા હાઈવે પર વારંવાર સ્પીડ બ્રેકર બનાવની તંત્ર સામે રજુઆત કરવા છતાં માંગ સ્વીકારવામાં ન આવતી હોવાનો આક્રોશ ગ્રામજનોએ ઠાલવ્યો હતો.

બુધવારે સવારે સાકરીયા ગામના ડાહ્યાભાઈ ધુળાભાઈ તરાર (ઉ. વર્ષ-૬૫) સાકરીયા બસ સ્ટેન્ડ નજીક પસાર થતા મોડાસા-ગોધરા હાઈવે રોડની બાજુમાં કામકાજ અર્થે પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહને અડફેટે લેતા ડાહ્યાભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઉડી જતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા. અકસ્માતના પગલે હાઈવે પર લોકોના ટોળેટોળા ઉમટતા હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલ મોડાસા રૂરલ પોલીસે લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આમ આદમી પાર્ટી સહિત જાગૃત નાગરિકો દ્વારા ડીસામાં ડ્રગ્સ રેકેટ તપાસની માંગ

ડીસા, તા. ૩૦

સમગ્ર ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ડીસાના સરકાર હસ્તકના ટીસીડી ફાર્મ મેદાનમાં કેટલાક યુવાનો દ્વારા ડ્રગ્સની ચુસકી લેતાં હોવાના અહેવાલ

સોશિઅલ મિડિયામાં વાયરલ થઈ રહ્યા છે. ડીસા શહેરમાં કેટલાક લુખ્ખા તત્વો યુવાધનને નશીલા પદાર્થના રવાડે ચડાવી રહયા છે ત્યારે શહેરમાં યુવાધનને બચાવવા માટે આમ આદમી પાર્ટી તથા જાગૃત નાગરિકો દ્વારા આજે ડીસાના નાયબ કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું અને રજુઆત કરવામાં આવી હતી કે ડીસા શહેરમાં અનેક જગ્યાએ મોટાભાગે નશીલા પદાર્થનું વેચાણ થઈ રહ્યું છે તેવું સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે અને શહેરમાં નશીલાં પદાર્થોનું વેચાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે અને યુવાધન બરબાદ થઈ રહ્યું છે ત્યારે ડીસા વહીવટીતંત્ર સહીત જીલ્લા વહીવટીતંત્ર દ્વારા ઠોસ પગલા ભરવામાં આવે એવી આમ આદમી પાર્ટી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

સોશિઅલ મીડિયામાં અને મીડિયાના અહેવાલ બાદ વહીવટીતંત્ર દ્વારા નશીલા પદાર્થના માફિયાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે પરંતુ કડક કાર્યવાહી કરી અને આ નશીલા પદાર્થોની બદીને કાયમી ડામી દેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

આ ઉપરાંત ડીસા શહેર માં અનેક એવી મેડિકલો છે જે ફાર્માસિસ્ટ વિના આડેધડ ચલાવવામાં આવી રહી છે તેમજ કેટલાક મેડીકલ સંચાલકો દ્વારા સરકારનાં નિયમોનું ઉલ્લંઘન કરીને પ્રતિબંધિત દવાઓનું વેચાણ કરી રહ્યા હોવાની અનેક બુમો ઉઠી છે ધોરણ ૧૦ અને ૧૨ પાસ યુવાનો મેડીકલ લાઈસન્સ ભાડે મેળવીને મેડિકલ ચલાવી રહ્યા છે જેનાથી લોકોનું આરોગ્ય પણ જોખમાઈ રહ્યું છે. ત્યારે આવી મેડિકલ ઉપરથી પણ નશીલા પદાર્થોનું વેચાણ થઈ રહ્યું છે કે શું ? આવા અનેક સવાલો કર્યા હતા.

આંબલીયારા પોલીસે અખાદ્ય ગોળનો જથ્થો ઝડપી પાડયો

બાયડ,

બાયડ તાલુકાના માનપુર ગામેથી આંબલિયારા પોલીસે દેશી દારૂ બનાવવામાં ઉપયોગ કરાતો ૫૬૦ કિલો અખાદ્ય ગોળ સાથે બે ને ઝડપી પાડયા હતા.

આંબલિયારા પોલીસ સ્ટેશનની હદમાં પણ દેશી દારૂના અડ્ડાઓ ચાલી રહ્યા છે. આ ગોળ દેશી દારૂ બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે. ત્યારે આંબલિયારા પોલીસે માનપુર ગામે રેડ કરી ઓરડીમાં સંતાડેલ અખાદ્ય ગોળ ૫૬૦ કિલો સાથે રણજીતસિંહ ચૌહાણ તથા હિતેશ ચૌહાણ ને ઝડપી પાડી ૨૨૦૦૦ ઉપરાંત નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભાભરના જાસનવાડા શાળામાં ચોરીનો ભેદ ઉકેલાયો

પોલીસે મુદ્દામાલ સાથે આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો

ગત સોમવારે ભાભર તાલુકાના જાસનવાડા ગામની પ્રાથમિક શાળામાંથી ચોરી કરનાર આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં પકડી પાડ્યો છે. સોમવારે શાળાના આચાર્યએ અજાણ્યા ઇસમ સામે શાળામાંથી ટીવી, પ્રોજેક્ટર, એમ્પ્લીફાયર, સ્પીકર સહિત કુલ કિ.રૂ. ૫૯,૦૦૦ ની ચોરીની ફરીયાદ નોંધાવી હતી. જે આધારે ભાભર પોલીસે આજુબાજુના સીસીટીવી કેમેરાની તલાશી લેતાં આરોપી ગામનો જ હોવાનું ખુલ્યુ હતુ. જેથી ભાભર પોલીસે તેને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠા જીલ્લાના ભાભર તાલુકાના જાસનવાડા પ્રાથમિક શાળામાંથી ગત સોમવારે ચોરી થઈ હોવાની ફરીયાદ પોલીસ ચોપડે નોંધાઇ હતી. જેમાં શાળાના આચાર્ય અમૃતભાઇ પરમારે અજાણ્યા સામે શાળામાં ગેરકાયદેસર પ્રવેશી ચોરી કરી હોવાની ફરીયાદ નોંધાવી હતી. જેમાં આરોપીઓ કોમ્પ્યુટર રૂમનું તાળું તોડી એલસીડી ટી.વી. નંગ-૧ કિ.૧૫,૦૦૦ , પ્રોજેક્ટર નંગ-૧ કિ.૨૫,૦૦૦, રીસીવર કિ.૧૦૦૦, એમ્પ્લિફાયર કિ.રૂ.૧૦,૦૦૦, મોટા સ્પિકર નંગ-૨ કિ.૮૦૦૦ મળી કુલ કિ.રૂ.૫૯,૯૦૦ ની ચોરી થઈ હોવાનું લખાવ્યુ હતુ. જેથી પોલીસે અજાણ્યા ઇસમ સામે આઈપીસીની કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૪૨૭ મુજબ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. જેમાં ભાભર પોલીસે જાસનવાડા શાળામાં થયેલી ચોરી મામલે આરોપીની અટકાયત કરી છે. ફરીયાદ નોંધાતા પોલીસે શાળા તેમજ આજુબાજુના સીસીટીવી કેમેરાની મદદથી આરોપીની ઓળખ કરી હતી. આ તરફ બાતમીના આધારે ગણતરીના કલાકોમાં જ જાસનવાડા જુના ગામના જ આરોપી માનસુંગભાઇ મોહનભાઇ પરમારને મુદ્દામાલ સાથે ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.